

## વિશ્વાસ (TRUST)

## MONTH : AUGUST



**જીવનમાં વિશ્વાસ એ પરિવર્તનશીલ શક્તિ છે જે વિચારો, ક્રિયાઓ અને સ્વ-સુધારણાની યાત્રાના માર્ગને આકાર આપે છે.**

**આત્મીય વાલીશ્રી, વંદે માતરમ્**

વિશ્વાસ એટલે વિશેષ શ્વાસ. જિંદગી જીવવા માટે જે આપણે લઈ રહ્યાં છે તે શ્વાસ છે પણ તેમાં બીજાનો શ્વાસ ઉમેરાય તે વિશ્વાસ છે. આપણે સારી રીતે જીવવું હોય, તો કોઈનો શ્વાસ આપણામાં ઉમેરવો પડે અથવા આપણો શ્વાસ આપણે કોઈને આપવો પણ પડે તે છે વિશ્વાસ. વિશ્વાસ શબ્દ છે નાનો પણ તે આપણા માટે ખૂબ મોટુ અને મહત્વનું કામ કરે છે. એ નાજુક શબ્દ પણ છે. તેને ખૂબ સંભાળીને કોઈને આપવો પડે ને લેવો પડે. કારણ વિશ્વાસ એકવાર તૂટી જાય છે પછી ઝડપથી મૂકી શકાતો નથી. મન, મોતી ને કાચ એકવાર તૂટી ગયા પછી જોડાતા નથી અને જોડાય છે તો પણ તેમાં રહેલી તિરાડ હંમેશા દેખાય છે. તેવી રીતે જો કોઈ આપણો વિશ્વાસ તોડે કે આપણે કોઈનો વિશ્વાસ તોડીએ તો એ પાછો મેળવવા માટે ઘણા પ્રયત્ન કરવા પડે છે. વિશ્વાસને કાયમ રાખવા માટે વિશ્વાસ ઊભો કરવો પડે છે.

જો જિંદગી સારી અને શાંતિ પૂર્ણ જીવવી હોય તો એકબીજામાં વિશ્વાસ રાખો. દરેક સંબંધને જીવિત રાખવા માટે આ જરૂરી છે. "સુબહ કા ભૂલા શામ કો જરૂર લોટ આતા હૈ" એ વિશ્વાસ સાથે. બાકી જેને ખુદમાં વિશ્વાસ નથી એ બીજા પર કેવી રીતે વિશ્વાસ રાખી શકે ? એ પણ એટલું જ સાચું છે અને વિશ્વાસ જ એક એવો શબ્દ છે જેને જીવનમાં પાંગરવા દેશો તો એ એક દિવસ ફૂલ બનીને ઊગી નીકળશે અને તેની મહેક દરેકના જીવનમાં પ્રસરાવી દેશે.

**"વિશ્વાસની શરૂઆત 'સ્વીકૃતિ' થી થાય છે અને વિશ્વાસ જ્યારે વધે છે ત્યારે તે પ્રશંસામાં પરિણમે છે."**

# MONTH : AUGUST - વિશ્વાસ (TRUST)


## વિશ્વાસ વર્ધન પ્રવૃત્તિ

### 1ST WEEK : MIRROR TALK

**મને મારી જાત પર વિશ્વાસ છે.**

**વિદ્યાર્થીએ આ છ વાક્યો ઘરે રોજ અરીસા સામે ઊભા રહીને મોઢે બોલવાના રહેશે.**

- હું સ્માર્ટ અને મહેનતું છું.
- હું દરેક સારા કાર્ય કરી શકું છું.
- હું નવું શીખી શકું છું.
- હું મારા ધ્યેયને સિદ્ધ કરી શકું છું.
- મારો આત્મવિશ્વાસ વધી રહ્યો છે.
- હું પ્રત્યેકનો વિશ્વાસ જાળવું છું.



### 2ND WEEK : TRUST ON BUDDY

**મને મારા મિત્રો પર વિશ્વાસ છે.**

વર્ગમાં બે વિદ્યાર્થીની જોડી બનાવવામાં આવશે અને બંને એકબીજાને કોઈપણ વિષયમાં એક ટોપિક સમજાવશે. આમ, જે ટોપિકમાં વિદ્યાર્થીનો વિશ્વાસ ઓછો હોય તે પોતાના મિત્ર પાસેથી શીખશે.

### 3RD WEEK : EXPRESS YOUR TRUST

**મને મારા માતા-પિતા અને શિક્ષકો પર વિશ્વાસ છે.**

બાળક ઘરે એક કાર્ડ માતા-પિતા માટે અને એક કાર્ડ શિક્ષક માટે બનાવશે.
આ કાર્ડમાં માતા-પિતા અને શિક્ષકને કારણે કોઈ પ્રવૃતિ કે બાબતમાં બાળકનો આત્મવિશ્વાસ વધ્યો હોય તે લખશે અને તેની સાથે કાર્ડમાં "THANK YOU" લખીને આભાર પ્રગટ કરશે.

### 4TH WEEK : TRUST TREE

**ચાલો સાથે મળીને એક વિશ્વાસુ વર્ગ બનાવીએ.**

વિદ્યાર્થી પોતે પોતાની એક નબળાઈ દૂર કરવાનો વિશ્વાસ આપવા માટે પોતાની નબળાઈ શાળામાંથી આપવામાં આવેલ સ્ટીકી નોટ પર લખશે અને વર્ગમાં વિશ્વાસનાં વૃક્ષ પર લગાડશે.


**શ્રી વસિષ્ઠ વિદ્યાલય, વાવ**
(ગુજરાતી માધ્યમ / દ્વિભાષી માધ્યમ)
AT.PO.: VAV, N.H.NO.: 48, TAL.: KAMREJ, DI.: SURAT
PIN : 394326 MO.: 91734 02809, 91733 15555.

**વસિષ્ઠ જેનેસીસ સ્કૂલ, બાબેન**
(ગુજરાતી માધ્યમ)
AT & PO.: BABEN, OPP. AVADH LIFE STYLE,TA.: BARDOLI,
DIST.: SURAT (394601) MO.: 91576 44555.